| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૫/૧૧/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૫૧/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૧,૧૫,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## **નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૫૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫૭ કેસ કરી, ૧૫૦ વ્યક્તિઓને ઝડપી, ૩૫૪ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તથા જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૫૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **લુંટઃ- સમાચાર યાદી નં.૨૦૫૪/૨૦૨૨**

**શહેરકોટડાઃ** સાયરલાલ રામનારાયણ પહાડીયા (ઉ.વ.૫૩)(રહે.બાવાળી ચાલી મારૂતી કોમ્પ્લેક્ષ ની સામે નરોડા રોડ મેમ્કો) એ તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે મેમ્કો વિર સાવરકર સ્પોર્ટ સંકુલની આગળ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ આગળ એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી રોંગ સાઇડમાં આવી, સાયરલાલની એક્ટીવા ઉભી રખાવી ચપ્પુ બતાવી સાયરલાલે પહેરેલ સોનાની વિંટીઓ તથા સોનાનો દોરો કુલ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

## **ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૫૫/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** વિણાબહેન પ્રાણલાલ મેહતા(ઉ.વ.૭૨)(રહે.આદિશ્ર્વરનગર સોસાયટી સત્યમ સ્કુલ સામે આદિશ્વર કેનાલ પાસે કુષ્ણનગર) એ તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે તીજોરીની ચાવી બનાવવા સારૂ આવેલ સરદારજી (૫૦ થી ૫૫ વર્ષના આશરાનો)એ તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫,૬૨,૫૦૦/- અને ચાંદીના સીક્કા નંગ-૭ કિંમત રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૬૬,૫૦૦/- મતાની ચોરી કરી નાસી ગયો હતો. આ ગુનાની પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૬/૨૦૨૨**

**બાપુનગરઃ**(૧) હિરેનકુમાર રમેશભાઇ કકકાણી(પટેલ) (ઉ.વ.૪૦)(રહે,નિરંજન સોસાયટી અનુપમ કોલોનીની અંદર ડી-માર્ટની સામે બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૨ સાંજના ૬/30 થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરના રસોડામાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**બાપુનગરઃ**(૨) બસવારાજ બલરાજભાઇ અડકી(પદમશાળી) (ઉ.વ.૨૮)(રહે,સત્યમ ફ્લેટ મનમોહન વિભાગ-૧ ની સામે બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૨ રાતના ૮/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** પ્રવિણભાઇ લાલજીભાઇ વાઘેલા (ઉ.વ.૩૫)(રહે.ઇન્દીરા આવાસ યોજનાના મકાનમા મનમોહન પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી